CEPT UNIVERSITY
CENTRE FOR URBAN EQUITY

# “સુરક્ષિત અને સમન્વિત શહેરો”

## ભારતીય શહેરોમાં ગરીબી, અસમાનતા અને હિંસા: સમન્વિત નીતિઓ અને આયોજન તરફ

**પ્રોજેક્ટ નોંધ**

સેન્ટર ફોર અર્બન ઇક્વિટી (CUE), સી.ઈ.પી.ટી. (CEPT) યુનિવર્સિટી અને ઇન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમન ડેવલેપમેન્ટ (IHD) ને 'ભારતીય શહેરોમાં ગરીબી, અસમાનતા અને હિંસા: સમન્વિત નીતિઓ અને આયોજન તરફ' ના વિષય પર સંશોધન માટે ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ રિસર્ચ સેન્ટર (IDRC), કેનેડા અને ડિપાર્ટમેન્ટ ઑફ ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ (DFID), યુ.કે. દ્વારા "સેફ એન્ડ ઇન્ક્લુઝિવ સિટિઝ (SAIC)" ના વૈશ્વિક કાર્યક્રમ હેઠળ ત્રણ વર્ષનો પ્રોજેક્ટ ફાળવવામાં આવેલ છે. આ સંશોધન કુલ ચાર શહેરોમાં આયોજિત કરવામાં આવેલ, જેમાં CUE દ્વારા અમદાવાદ અને ગુવાહાટી શહેરોને અને IHD દ્વારા દિલ્હી અને પટણા શહેરોને આવરી લેવામાં આવ્યા છે. ભારતીય શહેરોમાં બહિષ્કૃત શહેરી આયોજન અને શાસન કેવી રીતે ગરીબ પર અને ગરીબો દ્વારા હિંસાનું સ્વરૂપ ધારણ કરે છે તેનું વિશ્લેષણ આ સંશોધનનો મુખ્ય હેતુ છે.

CUEના સંશોધનમાં માળખાગત હિંસા (સાધનસામગ્રીની વંચિતતા, અસમાનતા), પ્રત્યક્ષ હિંસા (પ્રત્યક્ષ રીતે પહોંચાડવામાં આવેલી શારીરિક કે માનસિક ઈજા), તકરાર અને વિવિધ પ્રકારના ગુનાની શહેરી આયોજન અને શાસન સાથેની કડીઓને ચકાસતો વિસ્તૃત અભિગમ લેવામાં આવ્યો છે. અહીં નોંધ લેવી જરૂરી છે કે તમામ પ્રકારની હિંસાને ગુના માનવામાં આવતા નથી (ઉદાહરણ તરીકે, સરકાર દ્વારા થતી હિંસા), તેમજ તમામ પ્રકારના ગુનાને હિંસા માનવામાં આવતી નથી (જેમકે, ચોરી).

ગુજરાત રાજ્યનાં સૌથી મોટા શહેર એવા અમદાવાદમાં આ સંશોધનમાં બે ગરીબ વિસ્તારોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે: શહેરના દક્ષિણ વિભાગમાં સ્થિત મુસ્લિમ વસ્તી ધરાવતો અનૌપચારિક વિસ્તાર એવો બોમ્બે હોટલનો મહોલ્લો, તેમજ વિવિધ શહેરી પ્રોજેક્ટ્સને કારણે હટાવી દેવાયેલ ઝૂંપડપટ્ટીઓના પુનર્વસન માટે વપરાયેલા શહેરના અગ્નિ ખૂણે સ્થિત વટવામાં જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (JnNURM) ના 'બેઝિક સર્વિસિસ ટુ ધ અર્બન પૂઅર' (BSUP) કાર્યક્રમ હેઠળ બનાવવામાં આવેલ સરકારી આવાસો.

**CUE સંશોધન ટીમ (અમદાવાદ)** : દર્શિની મહાદેવિયા, રેણુ દેસાઈ, શચિ સંઘવી, સુચિતા વ્યાસ

## અમદાવાદ પોલિસી બ્રીફ ૧

## વટવાનાં પુનર્વસન વસાહતો: આવન-જાવનની તકલીફ અને તાણગ્રસ્ત આજીવિકા

૨૦૦૦ના દાયકાના મધ્યથી અમદાવાદમાં હાથ ધરવામાં આવેલા સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ, કાંકરિયા લેકફ્રન્ટ પ્રોજેક્ટ તેમજ બસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (BRTS) માટે માર્ગવિસ્તરણ પ્રોજેક્ટ જેવા નગર સુશોભન તેમજ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ્સને કારણે હજારો ગરીબ ઝૂંપડાવાસીઓને વિસ્થાપિત કરવામાં આવ્યા છે. ભારત સરકારના જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (JnNURM) ના 'બેઝિક સર્વિસિસ ટુ ધ અર્બન પૂઅર' (બી.એસ.યુ.પી.) પ્રોગ્રામ હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (અ.મ્યુ.કો.) દ્વારા બનાવવામાં આવેલા વસાહતોમાં આવા અનેક લોકોને પુનઃસ્થાપિત કરવામાં આવ્યા છે. આમાંના લગભગ અડધા

બી.એસ.યુ.પી. આવાસ વટવામાં સાત વસાહતોને સંલગ્ન બનાવવામાં આવ્યા છે (નક્શો-૧). આમાંના ત્રણ વસાહતોમાં ૨૦૧૦-૨૦૧૪ વચ્ચે અ.મ્યુ.કો.એ ફ્લેટ્સની ફાળવણી કરી હતી.




(નક્શો-૧)

અમદાવાદમાં વટવા પુનર્વસન વસાહતોમાં ઊભી થયેલી આવન-જાવનની તકલીફ અને તાણગ્રસ્ત આજીવિકા માળખાગત હિંસાનો એક પ્રકાર છે. શહેરી આયોજનનાં ચાર પરિમાણો આવી માળખાગત હિંસાને જન્મ આપે છે. દૂરનાં સ્થળોએ થયેલું સ્થળાંતર સાથે યોગ્ય તેમજ પૂરતાં પરિવહન વિકલ્પોના અભાવને કારણે અનેક લોકોના આવનજાવન, કામો અને આજીવિકાને નકારાત્મક અસર પહોંચી છે. પુરુષો અને સ્ત્રીઓ એમ બંનેને અલગ અલગ રીતે નકારાત્મક અસર પહોંચી છે. ઉપરાંત, આજુબાજુ પૂરતી સામાજિક સુવિધાઓ તેમજ યોગ્ય અને પૂરતા પરિવહન વિકલ્પોનો અભાવ પણ તેમની આજીવિકા પર નકારાત્મક અસર કરે છે. મૂળભૂત સેવાઓ તથા જાળવણી માટેના વધેલા ખર્ચા પણ તેમની આજીવિકા માટે મોટા પડકારો સમાન બની રહે છે. અંતે, પુનર્વસનનાં સ્થળો પર આયોજન અને શાસનને લીધે જન્મેલું અસુરક્ષિત વાતાવરણ સ્ત્રીઓની આવન-જાવનને નિયંત્રિત કરી નાખે છે, અને એ પણ આજીવિકાને અસર કરે છે.

## ૧. દૂરનાં સ્થળોએ થયેલું પુનર્વસન અને પરિવહનના અભાવને કારણે આવન-જાવન, કામો અને આજીવિકા પર થતી અસર

વટવામાં પુનર્વસિત શહેરી ગરીબો તેમના અગાઉના વર્ષો જૂના વિસ્તારોમાં સહેલાઈથી પગે ચાલીને કે સાયકલ પર પોતાના નજીકના કામના સ્થળે પહોંચી શકતા હતા. વટવાની પુનર્વસન વસાહતો આ જૂના વિસ્તારોથી ૭-૧૫ કિમી દૂર છે. આ દૂર સ્થાળાંતરને કારણે તેમણે પોતાનાં જૂના કાર્યસ્થળે પહોંચવા માટે પરિવહનનો ઘણો મોટો ખર્ચ નિભાવવો પડે છે (કોષ્ટક -૧). ઉપરાંત કામના સ્થળે પહોંચવાની લાંબી મુસાફરીને કારણે સ્ત્રીઓના રોજગાર અને ગૃહકાર્ય વચ્ચે ઘર્ષણ પેદા થતાં અનેક સ્ત્રીઓએ પોતાના રોજગાર છોડી દેવાની નોબત આવી છે. નજીકના કેન્દ્રીય વિસ્તારોમાં ચાલતા જઈ છૂટક રોજગાર શોધનારા અનેક યુવાનોની રોજગારી પર પુનર્વસનની માઠી અસર થઇ છે. વટવાની પુનર્વસન વસાહતો પાસે કોઈ મોટા નાકા નથી તેથી છૂટક મજૂરી મેળવવા માટે પરિવહન ખર્ચ અનિવાર્ય છે, પણ જેમની પાસે પરિવહન પૂરતા પૈસા પણ નથી તેઓ કામ શોધવાનું ટાળે છે. જેનાથી છૂટક કામની અનિયમિતતા વધી છે અને બેરોજગારી પણ ઊભી થઇ છે. આજીવિકા પર આની ગંભીર અસર પહોંચી છે.

*"પરિવહનનો ખર્ચ અમને મારી નાંખે છે."*

*"પરિવહનના ખર્ચાએ અમને તોડી નાંખ્યા છે."*

ઊંચા પરિવહન ખર્ચ છતાં ઘણા રહીશો પોતાનાં જૂનાં કાર્ય સાથે સંકળાયેલા રહ્યા છે પણ આ ખર્ચને કારણે તેઓની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ઉદાહરણ તરીકે, પાલડી, લાલ દરવાજા, ખાનપુર અને શાહપુર વિસ્તારોમાં રહેતી અને ઘરગથ્થું કામ કરતી મહિલાઓ, જે પહેલાં પોતાનાં કામ પર ઘરેથી ચાલીને જતી, એ આજે એમના વેતનની પા કે પોણા ભાગની રકમ પરિવહનમાં ખર્ચે છે (દરરોજના ૩૦-૪૦ રૂપિયા; એટલે કે

૩000-૪000 ની માસિક આવકમાંથી ૯00-૧૨00 રૂપિયા). પહેલાં ફેરિયાઓ પોતાની રેંકડીઓ પોતાના ઘરે મૂકી રાખતા અને બજારમાં કે વેચાણસ્થળે ચાલીને જઈ શકતા. હવે ફેરિયાઓને હોલસેલ માર્કેટની નજીકમાં કે એમની વેચાણ કરવાની જગ્યાએ પોતાનાં ગાડાં મૂકી રાખવા માટે જગ્યા લેવી પડે છે. જેથી તેમને કામ સુધી પહોચવાનો અને રેંકડી મૂકવાની જગ્યાનું ભાડું (રૂ. ૩00 મહીને) એમ બેવડો ખર્ચ ભોગવવો પડે છે.

**કોષ્ટક ૧: વટવાથી જાહેર પરિવહન (પબ્લિક ટ્રાન્સપોર્ટ, PT) તથા મધ્યવર્તી જાહેર પરિવહન (ઇન્ટરમિડિયેટરી પબ્લિક ટ્રાન્સપોર્ટ, IPT) નાં જોડાણઃ**

વટવાના પુનર્વસન વસાહતોમાં જાહેર પરિવહન માટે અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS) દ્વારા ત્રણ બસો ફાળવેલ છે. ૨૦૧૨માં ભાવવધારા પછી વટવાથી શહેરનાં કિન્દ્રિય વિસ્તારોમાં જવા AMTS ના ભાડાં મોંઘા છે (લાલદરવાજા જવાનું ભાડું રૂપિયા ૧૪- નક્શો ૨ જુઓ). ઉપરાંત આ બસો રહીશોનાં બધાં જ કાર્યસ્થળોને જોડતી નથી, એમની અવધિ પણ અપર્યાપ્ત છે (કે.બી.ટી. નગરનાં સ્થાનિક આગેવાનોએ AMTSને વધુ એક બસ રૂટ ફાળવવા માટે પ્રસ્તાવ મૂક્યો હતો જે નિષ્ફળ નીવડ્યો). પરિણામે, અનેક લોકો શટલ રિક્ષા તરફ વળ્યા છે. આ રિક્ષાઓ મીટર દરે ચાલવાને બદલે ચોક્કસ રૂટ અને નક્કી કરેલાં ભાડાં પર ચાલે છે અને ગેરકાયદેસર એક સાથે ચાર મુસાફરોથી વધુ બેસાડે છે. સ્ત્રીઓએ પુરુષોની ગીચોગીચ બેસવું પડતું હોઈ તેઓ ખૂબ અસ્વસ્થતાની લાગણી અનુભવે છે. શટલનાં ભાડાં પણ ઘણાં ઊંચાં છે (ઉદાહરણ તરીકે, લાલદરવાજા જવાનાં ૧૫ રૂપિયા).

લાંબા અંતર તથા પરિવહનને લગતી મુશ્કેલીઓને કારણે વટવાના પુનર્વસન વસાહતોમાં અનેક રહીશોએ પોતાના રોજગારો છોડીને બીજી નોકરીએ જોડાવું પડ્યું છે. અનેક મહિલાઓએ ઘરમાં બેસીને કરી શકાતાં કામો લેવાં પડ્યાં છે. પરંતુ અહીં ઘરખાતા-કામદારની કમાણી ઓછી થાય છે. ઉદાહરણ તરીકે, રાખડી કે પ્લાસ્ટિકનાં ફૂલોની માળા બનાવતી સ્ત્રીઓ દરરોજ ૧૦૦ રૂપિયાથી ઓછું કમાય છે કારણ કે નંગદીઠ ભાવ ઓછા છે (૧૨ ડઝન નંગ બનાવવાના ૮ રૂપિયા). કપડાં સીવતી સ્ત્રીઓની કમાણી વધુ છે (ડઝન નંગના ૩0 રૂપિયા). જોકે, તેઓને પહેલા તેમના જુના વિસ્તારમાં વેપારીઓ પાસેથી સીધું જ કામ મળી રહેતું હતું જેથી તેમની કમાણી વધુ રહેતી (એક ડઝન નંગ કપડાં સીવવા પર ૧૦૦ રૂપિયા), જ્યારે પુનર્વસન પછી વેપારીઓ સુધી પહોંચવા પાછળ પરિવહનનો જ ખર્ચો ઘણો વધી ગયો છે (કાચો માલ કે તૈયાર માલને લાવવા લઇ જવામાં જ મીટર રિક્ષાનું ભાડું રૂપિયા ૧૦૦- ૧૨૦). એટલે એમને કામ મેળવવા માટે ઓછા ભાવે કામ આપનારા વચેટિયા પાસેથી કામ લેવા મજબૂર થવું પડે છે.

| | |
|---|---|
| અ.મ્યુ.કો. દ્વારા અમદાવાદમાં બનેલાં કુલ બી.એસ.યુ.પી. વસાહતો | આશરે ૨૦ વસાહતો: આશરે ૨૦,૦૦૦ ફ્લેટ્સ |
| વટવામાં સ્થિત બી.એસ.યુ.પી. વસાહતો (૨૦૧૪ સુધી) | ૭ વસાહતો: ૯૨૦૦ ફ્લેટ્સ |
| વટવામાં ફાળવેલાં બી.એસ.યુ.પી. વસાહતો (૨૦૧૪ સુધી) | ૩ વસાહતો: ૪૯૯૨ ફ્લેટ્સ |

| **સંશોધનના ત્રણ પુનર્વસન વસાહતોમાં રહેતા સમુદાયોની રૂપરેખા** | | |
|---|---|---|
| કુશાભાઉ ઠાકરે નગર (કે.બી.ટી. નગર) | આંબેડકર પુલથી કાંકરિયા સુધીનાં બી.આર.ટી.એસ.ના રસ્તા પરથી વિસ્થાપિત કરવામાં આવેલી આઠ ઝૂંપડપટ્ટીઓ | લગભગ બધા જ હિંદુ (વિવિધ જ્ઞાતિઓ) |
| વસંત ગજેન્દ્ર ગડકર નગર (વી.જી.જી. નગર) | રિવરફ્રન્ટની લગભગ દસ જેટલી વિસ્થાપિત ઝૂંપડપટ્ટીઓ | લગભગ બધા જ મુસ્લિમ |
| સદ્ભાવના નગર | આંબેડકર પુલથી કાંકરિયા સુધીનાં બી.આર.ટી.એસ. ના રસ્તા પરથી આઠ, તેમજ રિવરફ્રન્ટની દસ જેટલી વિસ્થાપિત કરવામાં આવેલી ઝૂંપડપટ્ટીઓ | હિંદુ (વિવિધ જ્ઞાતિઓ) અને મુસ્લિમ |

કેટલાક રહીશોએ પોતાના જૂનાં નોકરી-ધંધા છોડીને પુનર્વસનના કે તેની નજીકના સ્થળે સ્વરોજગાર (નાની દુકાન કે રેંકડી) શરૂ કરી દીધા છે. આમ છતાં, તેમાંના ઘણા પોતાના જૂનાં નોકરી-ધંધામાં મળતી આવકના સ્તરને જાળવી કે સુધારી શક્યા નથી. આનું એક કારણ છે કે, મોટા ભાગના લોકો એક જ પ્રકારની ચીજો વેચે છે. તેને કારણે ગ્રાહકો વહેંચાઈ જાય છે (મોટેભાગે તે અન્ય વિસ્થાપિત રહીશો પૂરતા મર્યાદિત હોય છે.)

અહીં એ નોંધવું જરૂરી છે કે મોટાભાગના રહીશો પહેલાં જે પ્રકારનાં કામ (ફેરી કરવી, ઘરકામ, બાંધકામની છૂટક મજૂરી કે વેપાર પ્રવૃત્તિ) કરતા, એના કરતાં અહીં મળતા કામો ઘણા અલગ છે (વટવા જી.આઈ.ડી.સી માં કારખાનાં એ મળતા ઔદ્યોગિક કામો). કલાકો સુધી સખત મજૂરી છતાં ઓછું વેતન એ ઘણા લોકો માટે વાજબી વિકલ્પ નથી. કેટલાક મુસ્લિમોએ જી.આઈ.ડી.સી કારખાનાંમાં થતાં ભેદભાવોની પણ ફરિયાદ કરી છે. ઘરકામ આજુબાજુનાં સ્થળોએથી મળી જાય છે, પણ શહેરના કેન્દ્ર વિસ્તાર કરતાં અહીં ઓછું વેતન મળે છે.




(નક્શો-૨)

**૨. સામાજિક સુવિધાઓની પ્રાપ્તિ માટે પરિવહનની આજીવિકા પર અસર**

સ્થળાંતર પહેલા શહેરના કેન્દ્રીય વિસ્તારમાં હોવાને કારણે રહીશોને આજુબાજુનાં સ્થળોએથી સામાજિક સુવિધાઓ સહેલાઈથી પ્રાપ્ત થઈ શકતી હતી. પણ, વટવામાં નજીકનાં અંતરે માત્ર એક પ્રાથમિક મ્યુનિસિપલ સ્કૂલ આવેલી છે, જેનું શૈક્ષણિક સ્તર ખૂબ નીચું છે. અન્ય સુવિધાઓ જેમકે, બાળકોની જૂની કે ખાનગી શાળાઓ, જાહેર આરોગ્ય કેન્દ્રો, માધ્યમિક શાળાઓ, કૉલેજો તેમજ મનોરંજન માટેની જગ્યાઓએ પહોંચવા માટે પરિવહનનાં સાધનોનાં ભાડાં ખૂબ મોંઘા પડે છે.

અહીંના લોકોના રેશનિંગ કાર્ડ નવા સ્થળે ફેરબદલ કરવામાં સરકાર સરકારે દરકાર લીધી નથી. એટલે જાહેર વિતરણ વ્યવસ્થા સુધી પહોંચવા માટે પણ લોકોએ પરિવહનનાં સાધન પર ખર્ચ કરવો પડે છે. પરિવહન પર

થતા આ તમામ ખર્ચા એમની આજીવિકાને અસર કરે છે. ઘણા કિસ્સામાં રહીશોએ બાળકોને શાળાઓમાંથી ઊઠાવી લીધા છે, સ્વાસ્થ્યને લગતી સગવડો મેળવવામાં પણ એમણે સમાધાન કરવું પડ્યું છે. તેને કારણે તેમના જીવવાની તકો પણ ઘટી છે.

ભારતીય શહેરોના અગ્નિ ખૂણે સ્થિત વિસ્તારોમાં લોકોએ સામાજિક સુવિધાઓથી વંચિત રહેવું પડે છે. ભારતમાં થતી શહેરી વિસ્તૃતિકરણની પ્રક્રિયા એવી છે કે આવા વિસ્તારોમાં પહેલાં લોકો આવસ માટે જાય છે, એ પછી એમને પાણી અને સ્વાસ્થ્યલક્ષી સુવિધાઓની પ્રાપ્તિ થાય છે અને સૌથી છેલ્લે ધ્યાનમાં લેવામાં આવતી બાબત છે પરિવહનવ્યવસ્થા. એટલે આવા વિસ્તારોમાં સ્થળાંતર થયેલા પરિવારોને થતો ખર્ચ પૂર્ણપણે ભોગવવો પડે છે. આની અસર ઓછી આવક ધરાવતા પરિવારો પર વધુ પડે છે.

### 3. આવાસસંબંધી ઊંચા ખર્ચાની આજીવિકા પર અસર

ઘણા રહેવાસીઓની મૂળભૂત સુવિધાઓનો ખર્ચ વધી ગયો છે. જુના સ્થળોની સરખામણીએ અહી તેમણે બમણાં કરતાં પણ વધું વીજળી ખર્ચ ચૂકવવો પડે છે. ચાર માળના બિલ્ડીંગોની પાણી અને ગટરની પાઇપ્સ તેમજ વાલ્વને બદલવાના તથા રિપેર કરવાના ખર્ચા રહીશોને માથે આવી પડ્યા છે. તેમજ બિલ્ડીંગોની કોરિડોરની લાઇટ્સ માટેનાં નવા ખર્ચા પણ એમણે જ ભોગવવા પડે છે. દર મહિને રહીશોએ બોર ચલાવનાર વોટર ઓપરેટરને ૨૦-૩૦ રૂપિયા આપવા પડે છે.

૨૦૧૪ની મધ્યમાં AMC એ અન્ડરગ્રાઉન્ડ પાણીની ટાંકીમાં મોટરનું રિપેરિંગ કરાવવાનું બંધ કર્યું. ત્યારપછીથી રહીશોએ એનો પણ ખર્ચો ઊઠાવવાનો આવ્યો છે. મોટર રિપેર કરાવવાની અવધિ અનેક પરિબળો પર આધાર રાખે છે. કયારેક એ મહિને એક વાર અથવા મહિનાઓમાં એક વાર પણ હોય શકે. (માળખાગત સવલતોની જાળવણી અને મૂળભૂત સેવાઓની લગતી વિસ્તૃત માહિતી માટે જુઓ પૉલિસી બ્રીફ ૨).




### ૪. સ્ત્રીઓની આવન-જાવન અને આજીવિકા પર અસુરક્ષિત વાતાવરણની અસર

ચોરી અને લૂંટ, અનૈતિક પ્રવૃત્તિઓ, જાતીય સતામણી અને ક્યારેક બળાત્કાર તેમજ બાળકોનું અપહરણ વગેરે જેવા બનાવોએ પુનર્વસન વસાહતોમાં અસુરક્ષિતતા ઉભી કરી છે. જેમણે આવા ગુનાનો પ્રત્યક્ષ અનુભવ ન કર્યો

હોય એવી સ્ત્રીઓને પણ આવું બની શકે એવો સતત ડર રહે છે, જેનાથી એ કામે જતી બંધ થઇ ગઈ છે. આની આજીવિકા પર પણ નકારાત્મક અસર પડે છે. આ અસુરક્ષિત વાતાવરણ માટે જવાબદાર શહેરી આયોજન અને શાસનની ચર્ચા પૉલિસી બ્રીફ ૩, ૪ અને ૫ માં કરવામાં આવી છે.

**સંશોધનની પદ્ધતિઓ**

* સ્થાનિક આલેખન (Locality mapping) તથા સમુદાયની રૂપરેખા
* અનૌપચારિક વાતચીત
* ૧૧ ફોક્સ ગ્રુપ ડિસ્કશન્સ (FGDs)
* ૭ અનૌપચારિક ગ્રુપ ડિસ્કશન્સ (GDs)
* ૩૫ વ્યક્તિગત ચર્ચા
* કુલ ૫૧ પુરુષો અને ૫૩ સ્ત્રીઓએ FGDs, GDs અને વ્યક્તિગત ચર્ચામાં ભાગ લીધો.
* રાજકીય અગ્રણીઓ તથા નગરપાલિકાના અધિકારીઓ સાથેની મુલાકાતો
* માસ્ટર્સ થિસીસઃ પરિવહન અને સ્ત્રીઓની સલામતી પર આધારિત FGDs (૪૬ સ્ત્રીઓ)

## પૉલિસીની ભલામણો

- વિસ્થાપન બને એટલું ઓછું થવું જોઈએ અને શહેરી વિકાસના પ્રોજેક્ટ હાથ ધરતા પહેલા શહેરી દુબળા વર્ગો પર તેની કેવી અસર પડશે અંગેની પૂર્ણ વિચારણા થવી જોઈએ.
- વિસ્થાપન અનિવાર્ય હોય તો, પુનર્વસન તેની નજીકનાં સ્થળે થવું જોઈએ કારણ કે દૂરના સ્થળે થતા પુનર્વસનથી તેમનો પરિવહનનો ખર્ચ વધે છે, જેની નકારાત્મક અસર રહીશોની આવન-જાવન તથા આજીવિકા પર પડે છે. સાથે-સાથે દૂરના સ્થળે પુનવર્સનને કારણે તેઓએ વિકસાવેલા સામાજિક-આર્થિક સંબંધો પણ તૂટી જાય છે. જેની પણ નકારાત્મક આર્થિક અને સામાજિક અસરો પડે છે.
- ઓછા વેતનવાળા પરિવારો માટે ઉમદા સામાજિક સુવિધા જેવી કે શાળા અને જાહેર આરોગ્ય કેન્દ્ર તેમજ આજીવિકાના પર્યાપ્ત સાધનો સાથેના સરકારી આવાસોની રચના થવી જોઈએ. જેથી તેમનો પરિવહનસંબંધી ખર્ચ ઓછો થાય.
- સરકારી યોજના હેઠળ ફાળવવામાં આવેલા આવાસોની જાળવણીને પહોંચી વળવા માટે રહીશોએ આજીવિકામાં વધારો કરીને આર્થિક પગભરતા કેળવવી જરૂરી છે. આજીવિકા વધે નહીં તો, આ ભારે ખર્ચ અત્યંત ચિંતા ઊપજાવી શકે છે (પછી રહીશો માળખાકીય સવલતોની જાળવણી કરવાનું છોડી દે છે, જે એમની મૂળભૂત સેવાઓની પ્રાપ્તિને અસર કરે છે, તેમજ તકરાર તરફ પણ દોરી જઈ શકે છે). તે માટે આજીવિકાના પર્યાપ્ત સાધનો સાથેના સરકારી આવાસોની રચના થવી જોઈએ.
- સરકારે લોકોની આર્થિક સક્ષમતાનું વાસ્તવિક આંકન કરીને મૂળભૂત સુવિધાઓની જોગવાઈ તથા એમની લાંબા સમયની જાળવણીનું આયોજન કરવું જોઈએ. આવાસની જાળવણીનો ખર્ચ તકરારનો વિષય ન બને એ સંભાવનાને ઘટાડવાનું આયોજન થવું જોઈએ

.

Funded by

સરનામું : સેન્ટર ફોર અર્બન ઇક્વિટી (સી.યુ.ઈ.), સેપ્ટ યુનીવર્સીટી, કસ્તુરભાઈ લાલભાઇ કેમ્પસ, યુનીવર્સીટી રોડ, નવરંગપુરા, અમદાવાદ -380009
ટેલીફોન: 079-630 2740 એક્સટેન્સન ન. 473
વેબસાઈટ : www.cept.ac.in/cue ઈમેલ: cue@cept.ac.in